ગાંધીનગર સમાચાર

માતા જે ભાષામાં બાળકને શીખવે તે માતૃભાષા!

@ગાંધીનગર

આજથી સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવ

ગાંધીનગર, તા.૨૦

ઋતુઓના રાજા વસંતને વધાવવા ગાંધીનગરના આંગણે આવેલા સાબરમતી નદીના કિનારેના કુદરતી સોદર્યથી ભરપૂર સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવના ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો આરંભ તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજથી થશે. વસંતોત્સવને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અગ્ર સચિવ શ્રી મનિષ ભારદ્વાજના હસ્તે સાંજના ૭.૦૦ કલાકે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવશે. વસંતોત્સવ તા. ૧ માર્ચ, ૨૦૧૬ સુધી ચાલશે.

ગાંધીનગરના નગરજનો અને વસંતોત્સવ વચ્ચે અજબનો સંબંધ બંધાઈ ગયો છે. શિયાળની ઠંડી બાદ આવતા ઋતુઓના રાજા વસંતના વધામણા કરવા અને કલા સંસ્કૃતિના ચાહકોમાં વસંતોત્સવની રાહ જોવાતી હોય છે. આ કાર્યક્રમ ગાંધીનગરના નગરજનો પૂરતો સીમિત રહ્યો નથી, પણ અમદાવાદ સાથે સાથે સમગ્ર રાજયમાંથી લોકો રાજય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુરના સંયુકત ઉપક્રમે આયોજિત સુંદર મજાના વસંતોત્સવના કાર્યક્રમમાં રજૂ થતાં રાષ્ટ્રીય લોકનૃત્યને નિહાળવા આવે છે. ગાંધીનગરના આંગણે યોજાયેલ

(તસવીર : કશ્યપ નિમાાવત)

વસંતોત્સવમાં દરરોજ સાંજના ૭ થી ૯ કલાક દરમ્યાન રાજય અને દેશના અલગ અલગ પ્રાંતના લોક નૃત્યોના કાર્યક્રમ નિહાળવા મળશે. દરરોજ બપોર ૨ કલાકથી રાતના ૧૦ કલાક સુધી હસ્તકલા પ્રદર્શન અને વેચાણ માટે હસ્તકલા હાટનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વસંતોત્સવમાં રાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવ દરમ્યાન દાહોદનું તલવાર નૃત્ય, વડોદરાનું મેવાસી નૃત્ય તથા હોળી નૃત્ય, છોટા ઉદેપુરનું ઘેરૈયા નૃત્ય અને રાઠવા નૃત્ય, ભરૂચનું સિદિ ધમાલ નૃત્ય,ડાંગનું કહાડિયા અને ડાંગ નૃત્ય, સાબરકાંઠા- નર્મદાનું હોળી નૃત્ય, જુનાગઢનું યોગ નિર્દશન તેમજ ભાવનગરનું કૃષ્ણલીલા નૃત્ય નાટિકાને પ્રસ્તુત કરાશે. તે ઉપરાંત વિવિધ રાજયોના લોકનૃત્ય પણ રજૂ કરાશે. જેમાં મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય, રાજસ્થાનની ભવાઈ તથા ચરી એ તેરાતાભ નૃત્ય, આસામનું બિહૂ નૃત્ય, મણિપુરનું થાંગતા તથા સ્ટિક એ પુગ ઢોલ ચોલમ નૃત્ય, પંજાબનું સમી અને લડૂડી અને ભાંગડા નૃત્ય, આંધ્રપ્રદેશનું માધુરી નૃત્ય અને ઉડીસાનું ગોટીપુઆ નૃત્ય રજુ કરવામાં આવશે. વસંતોત્સવના આરંભ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી હંસાબેન મોદી, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગુજરાતી માધ્યમની ત્રણ પ્રાથમિક શાળાનો 'પ્રકૃતિ વંદના' સહ સ્કોલરશીપ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત ગાંધીનગર શાખાની શ્રી જે.બી.પ્રાથમિક શાળા દ્વારા ગુજરાતી માધ્યમની ત્રણ પ્રાથમિક શાળાઓ શ્રી જે.બી. પ્રાથમિક શાળા, શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા અને શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલના સંયુકત ઉપક્રમે પ્રકૃતિ વંદના સહ તેજસ્વી તારલા પુરસ્કાર અર્પણ સમારોહ યોજવામાં આવ્યો હતો.

શુક્રવારના રોજ યોજાયેલ વાર્ષિક મહોત્સવમાં પૂજય દાસકાકા, પૂજય દિવાળીબા સ્મૃતિ પારિતોષિક તથા પૂજય માણેકલાલ એમ. પટેલ સાહેબ મેમોરીયલ મેરીટ સ્કોલરશીપનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણેય પ્રાથમિક શાળાના ૧૦૪ તેજસ્વી વિદ્યાર્થીઓને ૧ લાખ રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવી હતી. તથા રાષ્ટ્ર કક્ષાની અને રાજય કક્ષાની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પણ પુરસ્કાર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રકૃતિ વંદના કાર્યક્રમ અંતર્ગત ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા માનવજાતને પ્રકૃતિના જીવન જરૂરી તત્વો જેવા કે જમીન પાણી, હવા, વૃક્ષો વગેરેનો મનફાવે તેમ ઉપયોગ કરી માનવસર્જીત મહાપ્રલયની સ્થિતિનું નિર્માણ કર્યું છે તેની સામે જીવન ટકાવવા પર્યાવરણ અને પ્રકૃતિનાં વિવિધ તત્વોને સમજી તેની જાળવણી કરવાનો શુભ સંદેશ આપતો કાર્યક્રમ રજુ કર્યો હતો.

વાર્ષિક મહોત્સવના આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભાઈ પટેલ, પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, શિક્ષણ નિરિક્ષક અને ગાંધીનગરના શાસનાધિકારીનો ચાર્જ સંભાળનાર ડૉ. નીપાબેન પટેલ સંસ્થાના દાતાઓ જયંતિભાઈ પટેલ (જોસેફ) તથા બળદેવભાઈ પટેલ (કુમાર), સંસ્થાના હોદેદારો, વાલી મિત્રો વિગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહન પુરું પાડયું હતું. શાળાના આચાર્યા નીવાબેન પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાાવત)

વિશ્વકર્મા જયંતિ દિન નિમિત્તે સે-૧૬ યુથ હોસ્ટેલ ખાતે સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા વિશ્વ કર્મા જયંતિ ઉજવવામાં આવી હતી. જેમાં બાળકો દ્વારા ધાર્મિક ગીતો પર નૃત્ય અને વેશભૂષા, શ્લોકગાન જેવા કાર્યક્રમો અને બહેનો માટે આરતીની થાળી સુશોભન સ્પર્ધા રાખવામાં આવી હતી. આ શુભ પ્રસંગે શ્રી જયંતિભાઈ શાસ્ત્રીજી દ્વારા આશીર્વચન અને સત્સંગના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ડભોડા પોલીસે ફિલ્મી ઢબે દારૂ-બિયર ભરેલી બોલેરો પકડી

મધરાત્રે દારૂની હેરાફેરી માટે ચિલોડા-ડભોડા રોડ પરથી પસાર થયેલી બોલેરોનો પીછો કરીને પકડી પાડી : રૂ. ૫.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત : ડ્રાઈવર ફરાર

ગાંધીનગર, તા.૨૦

મધરાત્રે ચિલોડા-ડભોડા રોડ પરથી દારૂ-બિયર ભરેલી બોલેરો જીપ પસાર થવાની હોવાની બાતમીનેઆધારે ડબોડા પોલીસે વૉચ રાખી હતી. રાત્રે પસાર થયેલી જીપ પોલીસે ઈશારો કરવા છતાં ઉભી ન રાખતા તેનો ફિલ્મી ઢબે પીછો કરીને ડભોડા ભાગોળથી આગળ રેલવે સ્ટેશન નજીકથી પોલીસે જીપ આંતરી લઈ પકડી પાડી હતી. અંધારાનો લાભ લઈ ડ્રાઈવર ફરાર થવામાં સફળ રહ્યો હતો. પોલીસે જીપમાં તપાસ કરતાં અંદરથી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૫.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ડભોડા પોલીસે બુટલેગર સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી પ્રોહીબીશનની પ્રવૃત્તિ કડક હાથે દાબી દેવા પોલીસ સક્રીય થઈ છે ત્યારે ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીએ તે અન્વયે સક્રીય કરેલા બાતમીદારો મારફતે ગઈ રાત્રે બાતમી મેળવી હતી કે ચિલોડા-ડભોડા રોડ પરથી દારૂની હેરાફેરી બોલેરો જીપ નં. જીજે ૯ બી.સી. ૮૭૩૧ માં થવાની છે જેને આધારે પીએસઆઈ સોલંકી તેમની ટીમ સાથે રાત્રે ૧૧ વાગ્યાથી વૉચમાં બેસી ગયા હતા. બાતમીમાં મળેલા નંબર વાળી જીપ રાત્રે ત્યાંથી પસાર થતા ઉભી રાખવા પોલીસે ઈશારો કર્યો પરંતુ પોલીસને જોઈને જીપ ડ્રાઈવરે સ્પીડ ડબલ કરી ડભોડા ગામ તરફ ભગાડી હતી. પોલીસે જીપનો પીછો કરીને ડભોડાની ભાગોળથી આગલ રેલવે સ્ટેશન પાસે આંતરી લઈ પકડી પાડી હતી. જો કે અધારામાં ડ્રાઈવર સરકી ગયો હતો. જીપમાં તપાસ કરતાં અંદરથી રોયલ સ્ટેગ અને બેગ પાઈપર કંપનીની વિદેશી દારૂની મોટી ૭૨ નંગ બોટલો અને નાની ૯૫ નંગ બોટલો તથા ૧૪૪ નંગ બિયરના ટીન સહિતનો દારૂ-બિયરનો રૂ. ૪૭૯૦૦ની કિંમતનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે જીપ સહિત રૂ. ૫,૪૭,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી જીપના નંબરને આધારે ડ્રાઈવર તથા બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

સંસ્કાર વર્ધક વકતૃત્વ સ્પર્ધામાં વસંતકુંવરબા શાળાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૨૦

નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન મગોડી દ્વારા ધોરણ-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'સંસ્કાર વર્ધક' વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની વિવિધ શાળાઓના લગભગ ૨૩ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વકતૃત્વ સ્પર્ધામાં બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાના ધોરણ-૫માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અનુરાધા મોદીએ પ્રથમ ક્રમાંક મેળવી રૂ. ૫૦૧ અને ધોરણ-૮માં અભ્યાસ કરતા મોક્ષ ચૌધરીએ દ્વિતીય ક્રમાંક મેળવી રૂ.૩૦૧ રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના વિદ્યાર્થીઓને શિક્ષિકા જયોત્સનાબેન દેવડા અને અવનીબેન કવૈયાએ માર્ગદર્શન પુરું પાડયું હતું. શાળાના આચાર્યા રીટાબેન બિહોલા અને સમગ્ર શાળા પરિવારે સિધ્ધી બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આર.એન. પટેલ સ્કૂલના બાળકો બેંકની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસની આર.એન. પટેલ પ્રાયમરી શાળાના ધો-૭ અને ૮ના કુલ ૬૧૦ વિદ્યાર્થીઓએ ધી કાલુપુર કોમર્શિયલ કો. ઓપરેટિવ બેંકની રૂબરૂ મુલાકાત લીધી હતી. જેમાં ખાતાના પ્રકાર,ચેકના પ્રકાર, સેફ ડિપોઝીટ વોલ્ટ, બચત ફોર્મ, પાસબુક પૈસા ઉપાડવા માટેનું ફોર્મ, ફિકસ ડિપોઝીટ, એટીએમ, ડેબીટ કાર્ડ, લોન તથા વ્યાજદર વગેરેનું પ્રત્યક્ષ બ્રાન્ચ ઓફિસર શ્રી રાજુભાઈ એમ. પટેલે સમજાવ્યુંહતુંતથા બાળકોએ બેંકની અંદરની કામગીરી જેમ કે કેશિયર, પૈસા ગણવાનું મશીન, કોમ્પ્યુટર વર્ક વગેરે નિહાળી હતી. બેંકના સમગ્ર સ્ટાફે આ કામમાં સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. બ્રાન્ચ મેનેજર હિતેન્દ્રભાઈ પટેલે તમામ બાળકને ચોકલેટ આપી પ્રોત્સાહીત કર્યા હતા.

તાજેતરમાં મહારાષ્ટ્રના પૂણે ખાતેની કિષ્ણા ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ સાયન્સ ખાતે ઈન્ડિયન સોસાયટી ઓફ સાઈકિયાટ્રીક નર્સીસ દ્વારા ૧૫મો વાર્ષિક પરિસંવાદ યોજાયો હતો. બે દિવસીય પરિસંવાદમાં ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના ચાર પ્રાધ્યાપકો સુશીલ ગાયકવાડ, નિલય પટેલ, શ્રધ્ધા ગજજર અને મિત્તલ ચૌધરીએ ભાગ લીધો હતો. 'કિલનીકલ રિસર્ચઈન મેન્ટલ હેલ્થ નર્સિંગ' વિષયે યોજાયેલ આ પરિસંવાદમાં સુશીલ ગાયકવાડ તથા નિલય પટેલે તેમના વૈજ્ઞાનિક સંશોધનપત્ર રજૂ કર્યા હતા.

અમરાપુર ગ્રામભારતી સંસ્થા દ્વારા ૩૬મું ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાની ગ્રામભારતી ભૂતપૂર્વવિદ્યાર્થી સંઘ દ્વારા આગામી તા. ૨૮મી ફેબ્રુઆરીને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સંસ્થાના મોતીભાઈ ચૌધરી સભાભવન અમરાપુર ખાતે ૩૬મા ભૂતપૂર્વ વિદ્યાર્થી કાર્યકર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરના નિયામક ડૉ. ટી.એસ. જોષી હાજર રહેશે. આ સંમેલનમાં કચ્છ જિલ્લાના રાપર તાલુકાના પછાત વિસ્તારોમાં શિક્ષણ, સમાજસેવા, વ્યસન મુકિત, ખેતી વિકાસ અને ગ્રામ વિકાસ ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલા ભૂતપૂર્વ વિદ્યાર્થી મહાદેવભાઈ જોગુનું સન્માન કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ સંસ્થાના સંચાલક ડૉ. રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાશે. આ સંમેલનમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરાશે. ભૂતપૂર્વવિદ્યાર્થીઓ દ્વારા પ્રતિભાવ અને પ્રવચન આપવામાં આવશે તેમ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘના પ્રમુખ અમૃતભાઈ પટેલે જણાવ્યું છે.

માતા જે ભાષામાં બાળકને શીખવે તે માતૃભાષા!

આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં યોજાયેલ માતૃભાષા વંદના કાર્યક્રમમાં સાહિત્યકાર સંજય થોરાતનું પ્રેરક વકતવ્ય

ગાંધીનગર, તા.૨૦

વિશ્વભરમાં આજે તા. ૨૧મી ફેબ્રુઆરીએ 'માતૃભાષા દિવસ' ઉજવાઈ રહ્યો છે. ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેમ્પસની શ્રીમતી આર.એન. પટેલ શાળામાં વિશ્વ માતૃભાષા દિવસના સંદર્ભે 'માતૃભાષા વંદના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગેશાળાના ધોરણ-૮માં અભ્યાસ કરતા ૪૦૦થી વધુ બાળકોને માતૃભાષાનું મહત્વ સમજાવતા વકતવ્યોનું આયોજન કરાયું હતું. આચાર્ય દશરથભાઈ પટેલે મહેમાનોને આવકાર્યા હતા.

ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર-કવિ તથા કટાર લેખક અને ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજયભાઈ થોરાત આ પ્રસંગે મુખ્ય અતિથિપદે ઉપસ્થિત રહ્યા હતા. સંજયભાઈ થોરાતે પોતાના

પ્રાસંગિક ઉદબોધનમાં બાળકોને જણાવ્યું હતું કે, 'માતા જે ભાષામાં બોલતી હોય અને તેમાંથી બાળક શીખે તેને માતૃભાષા કહેવાય.' તેમણે પ્રેરણાત્મક વકતવ્ય આપતા બાળકોને વિવિધ ટૂંકી વાર્તા અને ટૂચકાના સહારે માતૃભાષાના વૈભવનો અને અગત્યતાનો ખ્યાલ આપ્યો હતો. તેમણે કહ્યું કે 'તમે વિશ્વમાં ભલે ગમે ત્યાં જાઓ, ગમે તે ભાષા બોલો પણ તમને સ્વપ્નો તો તમારી પોતાની માતૃભાષામાં જ આવશે.' અકબર-બિરબલની વાર્તા થકી તેમણે કહ્યું કે 'મુસીબતમાં મા યાદ આવે છે અને મોઢામાંથી માતૃભાષા જ નીકળે છે.' આ સાથે સંજયભાઈ થોરાતે ગુજરાતીમાં ભણીને પણ અનેક સફળ નાગરિકોએ તેમની પ્રતિભા ખીલવી છે તેવું જણાવતા બાળકોને માતૃભાષાને પ્રેમ કરવા પ્રેરિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કટાર લેખક સમીર રામીએ તેમના વકતવ્યમાં બાળકોને તેઓ સમજી શકે તે ભાષામાં ભણી રહ્યા હોવાથી તેમના મા-બાપને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે આગામી સમયમાં ઘણો બધો વર્ગ અંગ્રેજી માધ્યમ તરફ વળેલો હોઈ ગુજરાતીના નિષ્ણાંતોની ખોટ પડવાની છે જે આપની કારકીર્દી માટે સુવર્ણ તક બની રહેશે. માતૃભાષામાં અભ્યાસ કરવો એ ગર્વની વાત હોવાનું જણાવતા તેમણે બાળકોને દરરોજ અખબાર વાંચવાની અને દર સપ્તાહે એક પુસ્તક વાંચવાની ટેવ પાડવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શાળાના ગુજરાતી વિષયના શિક્ષકો ભગવતીબેન અને અર્ચનાબેન દ્વારા પણ બાળકોને માતૃભાષાનું મહત્વ સમજાવતા વકતવ્યો અપાયા હતા.

કાર્યક્રમમાં ધો-૮ની વિદ્યાર્થીનીઓ મેઘા ડાભી અને ઋત્વિકા રાઠોડે પણ માતૃભાષા વંદના વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે બાળકોને માતૃભાષાના માહાત્મ અંગે વધુ પ્રકાશ પાડવા સાથે આર્શિવચન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન વ્યાયામ શિક્ષક કેતનભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીગણ ઉપસ્થિત રહ્યો હતો.

ગાંધીનગરના ગૌરવ સમાન ટવીન્સ ભાઈ-બહેન બંનેને જુનિયર સરદાર પટેલ એવોર્ડ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં સે-૨૩ ખાતે રહેતા વૃદિત પ્રમોદ પટેલ તથા વ્રિન્દા પ્રમોદ પટેલ બંને ટવીન્સ ભાઈ બહેન ધોરણ-૧૦માં સાથે અભ્યાસ કર છે અને સાથે જ સ્કેટીંગ પણ કરે છે. બંનેએ રોલર સ્પીડ સ્કેટીંગ રમતમાં દર વર્ષે રાજયકક્ષાએ તેમજ રાષ્ટ્રકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે. બંનેને ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ રાજય સરકાર દ્વારા ગાંધીનગર ટાઉનહોલ ખાતે આયોજીત એવોર્ડ વિતરણ સમારોહમાં ગુજરાત રાજય રમત ગમત મંત્રી શ્રી નાનુભાઈ વાનાનીના હસ્તે સરદાર પટલ એવોર્ડ (જુનિયર) પ્રદાન કરવામાં આવેલ છે. આ ઉપરાંત એવોર્ડની સાથે રૂ.૨૫૦૦૦નો ચેક, પ્રમાણપત્ર તથા ક્રિષ્ટ સાથે બ્લેઝરનું કાપડ આપવામાં આવેલ છે. અગાઉ પણ બંને ભાઈ-બહેને જુનિયર જયદિપસિંહજી એવોર્ડ પણ મેળવેલ છે.

ચિરવિદાય

- સ્વ. પુરીબેન જવાનજી ઠાકોર, ઉ.વ. ૭૫

વાતવાતમાં

- કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આયોજિત એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીના કાર્યક્રમ સિરાજ ૨૦૧૬માં 'મી. એન્ડ મીસ સિરાજ' કાર્યક્રમે ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ કાર્યક્રમમાં કેટલાક સ્પર્ધકો અન્ય ઈવેન્ટમાં વ્યસ્ત હોવાથી બીજો રાઉન્ડ ચાલુ થયા બાદ આવ્યા હોવા છતાં નિર્ણાયકોએ ઉદારતા દાખવી તેમને ભાગ લેવાની તક પૂરી પાડી હતી.
- બોર્ડની પરીક્ષાઓ નજીક આવતા પરીક્ષાર્થીઓના નજીકના સ્નેહીજનો તથા સગા સંબંધીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવા જવાનો દોર ચાલુ થઈ ગયો છે. વિદ્યાર્થીઓને શુભેચ્છા ભેટ આશીર્વાદ આપવાની સાથે સાથે સ્નેહીજનો સલાહસૂચનોનો વરસાદ પણ વરસાવી રહ્યાં છે.
- ગાંધીનગરની એક જાણીતી શાળાના ગણિત શિક્ષકે વિદ્યાર્થીઓ માટે વ્હોટસએપ પર ગૃપ બનાવી પ્રેકટીસ માટે પેપર્સ આપ્યા છે. વિદ્યાર્થીઓ ઘેર આ પેપર્સ સોલ્વ કરે છે અને જો કોઈ મુંઝવણ હોય તો વ્હોટસએપ પર જ પુછીને હલ પણ કરે છે.
- ગાંધીનગરમાં સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવનો પ્રારંભ થયો છે તો બીજી તરફ શૈક્ષણિક સંસ્થાઓમાં વાર્ષિકોત્સવ અને ટેલેન્ટ કાર્યક્રમોની હારમાળા યોજાઈ છે. આ સાથે નગરમાંલગ્ન સમારંભોની મૌસમ પણ બરાબર ખીલી હોવાથી ચોતરફ ઉત્સવનો માહોલ છવાયો છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

- કલ્ચરલ ફોરમ આયોજિત શિશિરોત્સવના બીજા દિવસે સાંજે ૭.૦૦ કલાકે ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ચ-૦ ખાતે ગુજરાતી ગાયિકા ભૂમિ ત્રિવેદી ગીત-સંગીતથી ગાંધીનગરની સાંજ શોભાવશે.
- જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડના સમાજના વિદ્યાર્થીઓ માટે શુભકામના સમારોહ યોજાશે.
- કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા રવિવારના રોજ સાંજે ૪.૩૦થી ૬.૩૦ કલાક દરમિયાન સે-૧૭, ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવ યોજાશે.
- ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ગાંધીનગર સાહિત્ય સભાના સને ૨૦૧૬ના વાર્ષિકોત્સવ પ્રસંગે સાહિત્યિક પરિસંવાદ સેકટર-૨૩, બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાશે.
- સંસ્કૃતિ કુંજ ખાતે આજથી વસંતોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે જેમાં બપોરે ૨ કલાકે હસ્તકલા હાટ અને સાંજે ૭ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.
- સેકટર-૨૦માં મંત્રી નિવાસસ્થાને આવેલ કોમ્યુનીટી હોલ ખાતે આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પલ્સ પોલિયો દિવસ નિમિત્તે સવારે ૮.૩૦ કલાકે પોલિયો વેકસીનેશન ડ્રાઈવનો પ્રારંભ કરાવશે.

- નજાહખાનમ સૈયદ